| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૨૯/૦૬/૨૦૨૦ સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

**સમાચાર યાદી નં.૧૦૫૪/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૮/૦૬/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૯૦૫૪ | ૪૧ | ૯૦૯૫ | ૧૫૧૨૩ | ૪૨ | ૧૫૧૬૫ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૨૫૭ | ૦ | ૪૨૫૭ | ૫૭૭૩ | ૦ | ૫૭૭૩ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૦ | ૧ | ૪૧ | ૨૦૧ | ૨ | ૨૦3 |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૯૯૯૦ | ૧૩૮ | ૧૦૧૨૮ | ૧૦૮૬૦ | ૧૧૨ | ૧૦૯૭૨ |
| કુલ | | ૨૩૩૪૧ | ૧૮૦ | ૨૩૫૨૧ | ૩૧૯૫૭ | ૧૫૬ | ૩૨૧૧૩ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૭૩ | ૭૩,૦૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૩૯૪ | ૪,૭૮,૮૦૦/- |

# <u>પાસા અટકાયતની વિગત</u>

## <u>સાબરમતી પોલીસ સ્ટેશન</u>

### <u>ખંડણીખોર બે આરોપીઓની પાસા હેઠળ અટકાયત કરતી સાબરમતી પોલીસ</u>

માનનીય પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર, સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “એલ” ડિવિઝન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં બનતા શરીર સબંધી ગુનાઓમાં આરોપીઓ સામે અસરકારક કાર્યવાહી કરવા માટે આપેલ સુચના મુજબ પોલીસ ઇન્સપેક્ટર શ્રી સાબરમતી પો.સ્ટે. નાઓની સુચના આધારે સાબરમતી પો.સ્ટે વિસ્તારમાં આવા પ્રકારના ગુનાઓ આચરતા બે ઇસમો નામે (૧) વાઘુભાઇ શકરભાઇ જાતે રબારી ઉ.વ.૪૪ રહે. કાળીગામ રબારી વાસ, સાબરમતી, અમદાવાદ શહેર તથા (૨) અલ્પેશભાઇ ઉર્ફે બબુ ભુપતભાઇ જાતે ચૌહાણ ઉ.વ.૩૪ રહે. મફતલાલ પટેલની ચાલી, કાળીગામ, સાબરમતી, અમદાવાદ શહેર નાઓની વિરુદ્ધ સાબરમતી પોલીસ સ્ટેશન પાર્ટ-A ગુના રજીસ્ટર નં.૧૧૧૯૧૦૩૯૨૦૦૭૮૫/૨૦૨૦ ધી ઈ.પી.કો કલમ ૩૨૪, ૩૨૩, ૩૮૫, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) તથા સાબરમતી પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૮૭/૨૦૧૯ ઇ.પી.કો. ૩૮૬, ૩૮૭, ૪૨૭, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ વિ. મુજબના ગુનાઓ નોધાયેલ હોય અને સદરી આરોપીઓની આવી પ્રવુતી કરતા અટકાવવા માટે તેઓ વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નર શ્રી ની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ઉપરોકત આરોપીઓને પાસા અટકાયતમાં લેવા અનુક્રમે કરેલ હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૩૯૮/૨૦૨૦ તથા હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૩૯૯/૨૦૨૦ તા.૨૮/૦૬/૨૦૨૦ ના આધારે સદરી આરોપીઓને પાસા અટકાયતના હુકમની બજવણી કરી ડીટેઇન કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે. તા.૨૮/૦૬/૨૦૨૦

### <u>કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:</u>

(૧) LR ભાગ્યપાલસિંહ વિજયસિંહ બ.નં.૧૨૦૪૭ (૨) ASI જયંતીભાઇ દેવજીભાઇ બ.નં.૭૫૩૬
(3) HC કમરૂદીન હુસેનમીયાં બ.નં.૪૧૦૧ (૪) PC રાજુભાઇ સાગરભાઇ બ.નં.૫૭૯૯

<u>આરોપીઓ:</u>



## નારોલ પોલીસ સ્ટેશન

## મિલકત સબંધિત ગુના તથા પ્રોહિબિશનની પ્રવૃતિ સાથે સંકળાયેલ બે (૨) ઇસમોની અટકાયત કરી પાસા હેઠળ ભુજ તથા સુરતની જેલ ખાતે મોકલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ ઇ. મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીઝન સાહેબ અમદાવાદ શહેરનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ મિલકત સબંધિત તથા પ્રોહીબિશન સબંધી ગુનાઓની પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જેથી પો.ઇન્સ.શ્રી એસ.એ.ગોહિલ તથા સ્ટાફના માણસોએ અમદાવાદ શહેરમાં અલગ અલગ પોલીસ સ્ટેશનમાં મિલકત સબંધિત ગુનાઓ આચરેલ પાસા અટકાયતી (૧) મેહુલ ઉર્ફે કાળા દીપકાભાઇ માછરેકર ઉ.વ. ૨૩ રહે, અરૂણાબેનની ચાલી બંગલા એરીયા સરદારનગર, અમદાવાદ શહેર તથા પ્રોહિબિશનની પ્રવુતિ સાથે સંકળાયેલ પાસા અટકાયતી (૨)અજયભાઇ ઉર્ફે અજીયો રસીકભાઇ ચુનારા રહે, ચુનારાવાસ કઠવાડાગામ તા.જી. ખેડા નાઓની મિલકત સબંધિત ગુનાઓની પ્રવુતિ પ્રોહીબિશનની પ્રવુત્તિ સબબ તેમના વિરૂદ્ધ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાએ ઉપરોક્ત બન્ને આરોપી વિરૂદ્ધ પાસા અટકાયતી નો હુકમ કરતા ઉપરોક્ત બન્ને આરોપીના પાસા હુકમની બજવણી કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે અલગ-અગલ જેલ જેમાં ભુજ જેલ તથા સુરત જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહની કામગીરી કરેલ છે. તા.૨૮/૦૬/૨૦૨૦.

### કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :

પો.ઇન્સ એસ.એ.ગોહિલ નારોલ પો.સ્ટે.

અ.પો.કો. સહદેવસિંહ નટવરસિંહ બ.નં. ૬૨૮૪ પી.આઇ. પર્સનલ સ્ટાફ

અ.પો.કો. દીપેનકુમાર મનુભાઇ બ.નં. ૬૦૮૦ પી.આઇ. પર્સનલ સ્ટાફ

અ.લો.ર. મુકેશભાઇ બાલુભાઇ બ.નં. ૧૨૧૭૧ પી.આઇ. પર્સનલ સ્ટાફ

### આરોપીઓ

| પાસા અટકાયતી : મેહુલ ઉર્ફે કાળા માછરેકર | પાસા અટકાયતી : અજય ઉર્ફે અજીયો |
|---|---|
|  |  |

## ઇસનપુર પોલીસ સ્ટેશન

# પ્રોહીબિશનના ગુનામા પકડાયેલ એક આરોપીની પાસામા અટકાયત કરી સુરત લાજપોર મધ્યસ્થ જેલમા મોકલી આપતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “જે”ડીવીઝન સાહેબનાઓ તરફથી વધુમા વધુ પાસાના અટકાયતી પગલા લેવાની સુચના મળતી હોય જે સુચના આધારે પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ.સોલંકી ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓએ પ્રોહીબિશનના ગુનામા પકડાયેલા આરોપીનુ પાસાનુ પ્રપોઝલ તૈયાર કરી પાસાનો હુકમ કરાવી સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા તથા સર્વેલન્સ સ્કોડના માણસો તથા પી.આઇ પર્સનલના માણસોએ આરોપીને શોધી કાઢી પકડી પાડી આરોપી પ્રવિણ ઉર્ફે પપ્પુ રામદેવસિહ રાજપુત રહે,નીલગીરીના છાપરા ચંડોળા પાળ ઇસનપુર અમદાવાદ શહેરનાને પાસા હુકમ નં પી.સી.બી/ડી.ટી.એન/પાસા /૪૦૫/૨૦૨૦ તા.૨૮/૦૬/૨૦૨૦ થી સુરત લાજપોર મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવામા આવેલ છે તા.૨૯/૦૬/૨૦૨૦



## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૫૫/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૨ કેસ કરી, ૭૩ વ્યક્તિઓને ઝડપી, ૫૭૯ લીટર દેશી દારૂ, ૨૮૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૨૬ બિયર ટીન, ૧ સ્કુટર અને મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૮ કેસ કરી ૬૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૫૦,૯૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૫૬/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૦૫૭/૨૦૨૦

**કાગડાપીઠઃ** મનોહર ગોપાલભાઇ જાવલે (ઉ.વ.૩૦) (રહે. એન.ટી.સી.મીલ કમ્પાઉન્ડ બીગ બજાર પાછળ રાયપુર) એ તા.૨૮/૦૬/૨૦૨૦ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૫/૨૦૨૦ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીક એસ.બી.આઈ.બેન્કના એ.ટી.એમ.માં પૈસા ઉપાડવા ગયા હતા ત્યારે એ.ટી.એમ.માં પ્રોસેસ નહી થતા મનોહર જાવલે એ કસ્ટમર કેરમાં ફોન કરતા મોબાઇલ નંબર ૮૫૦૯૫૦૨૬૭૩ ના ધારકે મનોહર જાવલેને વિશ્વાસમા લઇને એપ્લીકેશન ડાઉનલોડ કરાવી ગુગલ પે થી મનોહર જાવલેના ખાતામાંથી ઓનલાઇન રૂપિયા ૪૩,૯૧૨/- ઉપાડી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.એ.સીંહ ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૦૫૮/૨૦૨૦

**શહેરકોટડાઃ** ઘનશ્યામભાઇ નરોત્તમભાઇ પટેલ (રહે.સદગુરૂ ચરણ સ્વામિનારાયણ ફેમીલી નંબર-૧ ની બાજુમાં નિકોલ) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૦૬/૨૦૨૦ સાજના ૫/૦૦ થી તા.૨૭/૦૬/૨૦૨૦ સવારના ૮/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન બાપુનગર વસુંધરા એસ્ટેટમાં બીજા માળે શ્રી હરિ એમ્બ્રોડરી કારખાનાના ધાબા ઉપર જવાની નાની સીડીની બારીમાંથી અજાણી વ્યક્તિ કારખાનામાં પ્રવેશ કરી કારખાનામાંથી વીલ્કોમ કંપનીનુ ડોંગલ કિમત રૂપિયા ૮૦,૦૦૦/-, ટી.વી. કિમત રૂપિયા ૩,૦૦૦/-, કેમેરાનુ ડીવીઆર કિમત રૂપિયા ૧૦,૦૦૦/- તથા કાપડના તાકા નંગ-૫ કિમત રૂપિયા ૨૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.એલ.જેબલીયા ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૦૫૯/૨૦૨૦**

**ખોખરાઃ** ગુલાબસિંહ વજેસિંહ પરમાર (ઉ.વ.૬૫) (રહે. નિલકંઠ સોસાયટી મણીનગર ફ્લેટસ એક્સપ્રેસ હાઇવે ખોખરા) તા.૨૩/૦૬/૨૦૨૦ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે ખોખરા મણીયાસા બગીચા પાસે મહાદેવ મંદિરની નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અચાનક રસ્તાની બાજુમાં ઝાડ તુટી પડતા તેમના પર પડતા માથાના ભાગે ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી. હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૮/૦૬/૨૦૨૦ કલાક ૯/30 વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.હડીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૦૬૦/૨૦૨૦**

**સોલા હાઈકોર્ટઃ** સચીનભાઇ ભરતભાઇ સગર (રહે. સાતુલ એપાર્ટમેન્ટ ભાઇકાકાનગર વિશ્વભારતી હાઇસ્કુલ થલતેજ) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૬/૨૦૨૦ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.જે હુણ ચલાવે છે.

**બાપુનગરઃ** હિતેષભાઇ કેશવલાલ ચૌહાણ (ઉ.વ.૨૦) (રહે. જમનાનગરની ચાલી લાલ બહાદુર શાસ્રી સ્ટેડીયમ પાછળ બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૬/૨૦૨૦ સાજના ૬/૨૦ વાગ્યા પહેલા લાલ બહાદુર સ્ટેડીયમના તળાવમા ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એ.બારોટ ચલાવે છે.

**ઓઢવઃ** આકાશ ઉર્ફે અમર ઓમપ્રકાશ ખત્રી (ઉ.વ.૬૪) (રહે. અમરનગર ગેટ નંબર-૨ માતૃછાયા સ્કુલ પાસે રાજેન્દ્રપાર્ક રોડ ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૬/૨૦૨૦ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલા રબારી વસાહત મોમાઈનગરથી અંદર ફાયર સ્ટેશન મહાકાળી મંદીર પાસે પંખાના હુકમાં ચાદર બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી સંજયકુમાર શીતલાપ્રસાદ ચલાવે છે.

**ખોખરાઃ** વિનોદભાઇ કુરજીભાઇ પ્રજાપતી (ઉ.વ.૭૨) (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ ખોખરા) એ બિમારીથી કંટાળી તા.૨૮/૦૬/૨૦૨૦ બપોરના ૧/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી બી.કે.વાઘેલા ચલાવે છે.

**જીઆઇડીસી વટવાઃ** પ્રણવ હરીશભાઈ રાવલ (ઉ.વ.૩૬) (રહે. શુભન મિનિ ડુપ્લેક્ષ ઘરડાઘરની બાજુમા જશોદાનગર જીઆઇડીસી વટવા) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૬/૨૦૨૦ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં ચાદર બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે જીઆઇડીસી વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એસ.ગોસ્વામી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી